## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

### ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતિયખંડ

પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી૧૨) રવિવાર, ૧૫ જુલાઈ, ૨૦૧૨ કુલ ગુણ : ૧૦૦

**અગત્યની સૂચના**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

(વિભાગ-૧ 'વચનામૃત' સત્તાવીસમી આવૃત્તિ : નવી આવૃત્તિના આધારે)

**અભ્યાસક્રમના વચનામૃતઃ** કારિયાણી : ૧૦, ૧૧, ૧૨ ગ.મ. ૨, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૨, ૨૮, ૩૩, ૪૭, ૫૧, ૫૫, ૫૯, ૬૧, ૬૩

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

**૧. જેને વૈરાગ્ય ન હોય તે શો ઉપાય કરે ત્યારે વિકાર ટળે ? (મ.૭/૩૬૩)**

જ. વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે. પછી પરમેશ્વર તેને કૃપાદૃષ્ટિએ કરીને જુએ ત્યારે વિકાર ટળે.

**૨. ત્યાગીમાં મોટેરો કોણ છે ? (મ.૬૧/૪૭૪)**

જ. જે ત્યાગી હોય તે જ્યારે દેશ-પરદેશમાં જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તોય પણ તેમાં ફેર પડે નહીં અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દૃઢ કરીને રાખે, તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય.

**૩. કલ્યાણનું પરમ કારણ શું છે ? (કા.૧૦/૨૪૦)**

જ. ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે.

**૪. સદ્‌ગ્રંથોમાં લખેલી વાર્તા ક્યારે સમજવામાં આવે છે ? (મ.૧૩/૩૮૬)**

જ. જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ સદ્‌ગ્રંથોમાં લખેલી વાર્તા સમજવામાં આવે છે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**૧. કારણ શરીર બળીને ખોખા જેવું ક્યારે થઈ જાય છે ? (કા.૧૨/૨૪૫)**

જ. જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદામાં ધારે તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે.

**૨. 'સાધુ થકી કોઈ મોટી પદવી નથી' - આવા સાધુનાં લક્ષણો લખો. (મ.૨૨/૪૧૦)**

જ. 'એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહીં ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે ને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહીં.' અને એ જ્યારે એ ભગવાનને ભજીને આવી રીતનો સાધુ થયો ત્યારે સાધુ થકી કોઈ બીજી મોટી પદવી નથી.

**૩. નિષ્કામી વર્તમાન દૃઢ કરવાનો એક ઉપાય 'આહાર વિવેક'. (મ.૩૩/૪૩૧)**

જ. જેમ ભગવાને ગીતામાં કહ્યું છે જે, 'આહાર-વિહાર યુક્ત રાખવો પણ અતિશય ખાધાની લોલુપતા ન રાખવી.' એવી રીતે વર્તે ત્યારે પ્રાણ નિયમમાં થયો કહેવાય. અને પ્રાણ નિયમમાં ન કર્યો હોય તો ખાધાની બહુ મનમાં તૃષ્ણા રહે, પછી અનંત પ્રકારના જે રસ તેને વિષે રસના ઇન્દ્રિય છે તે દોડતી ફરે ત્યારે બીજી ઇન્દ્રિયો વશ કરી હોય તે પણ સર્વે મોકળી થઈ જાય, માટે આહારને નિયમમાં રાખીને પ્રાણને નિયમમાં કરવો.

**૪ વચ.ગ.મ.૫૫ પ્રમાણે શ્રીજીમહારાજની બાળ અવસ્થાની પ્રકૃતિ વર્ણવો. (મ.૫૫/૪૬૨)**

જ. જ્યારે અમારે બાળ અવસ્થા હતી ત્યારે પણ દેવમંદિર હોય ત્યાં દર્શને જવું, કથાવાર્તા સાંભળવી, સાધુનો સમાગમ કરવો, તીર્થ કરવા જવું એવી વાર્તા ગમતી.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૩)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **શ્વપચની જેમ ત્યાગ કરવો (કા.૧૦/૨૪૧) દૃષ્ટાંતઃ** જેનો સંગ કર્યા થકી તથા જે શાસ્ત્ર સાંભળવા થકી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈને સ્વામીસેવકભાવ ટળી જતો હોય, તો તે સંગનો તથા તે શાસ્ત્રનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરવો. **સિદ્ધાંતઃ** શ્વપચ એટલે નીચલી કક્ષાની વ્યક્તિ. મહારાજના સમયમાં આવી વ્યક્તિનો કોઈ સંગ કરતું નહિ. તેમ જે શાસ્ત્રમાં કે વ્યક્તિ થકી ઉપાસનાનું ખંડન થયું હોય કે જેના સંગ થકી સ્વામીસેવકભાવ ટળી જતો હોય તો તેની તુલના શ્વપચની સાથે છે. માટે તેનો તત્કાળ ત્યાગ કરવો તેમાં જ આપણું હિત છે.

૨. **વૃક્ષના હલવાથી વાયુની પ્રતીતિ થાય છે. (મ.૧૬/૩૯૩,૩૯૪) દૃષ્ટાંતઃ** ઈન્દ્રિયોનું રૂપ તો વાયુના વેગ જેવું છે, જેમ વાયુ દેખાય નહીં પણ વૃક્ષને હલાવે તેણે કરીને જણાય છે જે, વાયુ વાય છે; તેમ ઈન્દ્રિયોની વૃત્તિઓ દેખાતી નથી પણ વિષય સન્મુખ દોડે તે સૌને જણાય છે અને જો કપટે કરીને ઢાંકવા જાય તો કપટી જાણીને તેનો સૌને અતિશય અવગુણ આવે છે. માટે જેનાં ઈન્દ્રિયોમાં વિષય ભોગવ્યાની તીક્ષ્ણતા હોય તે કોઈ પ્રકારે છાની રહે નહીં. **સિદ્ધાંતઃ** જેમ વાયુ દેખાતો નથી પણ વૃક્ષના પાન હાલવાથી આપણને પ્રતિતી થાય છે કે વાયુ વાય છે. તેમ ઈન્દ્રિયોની વૃત્તિ પણ દેખાતી નથી પણ ઈન્દ્રિયોમાં વિષય ભોગવ્યાની તીક્ષ્ણતા થાય છે. જેમ ખાંસી છાની રહે નહિ તેમ ઈન્દ્રિયોમાં વિષય ભોગવ્યાની તીક્ષ્ણતા થાય છે. તે પણ છાની રહેતી નથી.

૩. **પાતાળ સુધી પૃથ્વી ફાટ્યાનું (મ.૪૭/૪૫૨) દૃષ્ટાંતઃ** જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા માંડીએ તે ક્યારેય ભરાય નહીં, તેમ ઈન્દ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહીં. માટે હવે તો વિષયની આસક્તિ ને ત્યાગ કરીને અને સાધુ જેમ વઢીને કહે તેમ ગુણ લેવો પણ અવગુણ લેવો નહીં. **સિદ્ધાંત :** આપણે માનીએ કે આટલું ભોગવી લઈએ પછી છોડીને ભગવાન ભજીશું પણ વિષયની તૃપ્તિ ક્યારેય થતી જ નથી. માટે તેની આસક્તિનો ત્યાગ કરી સંત વઢે તો ગુણ લઈએ તો જ વિષયોમાંથી વૃત્તિ પાછી વળે.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંદર્ભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે સંદર્ભ આવતાં હોય ત્યાં કોઈ પણ એક સંદર્ભ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.**

૧. **જાગા ભગતને સાંખડાવદરના બીડમાં પણ આખા સમૈયાનાં દર્શન થયા. (કા.૧૧/૨૪૪)**

**સંદર્ભ :** જેને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ છે અને ભગવાનને અખંડ સંબંધે રહિત જે માયિક પંચવિષય તેને તુચ્છ કરી નાખ્યા છે અને શબ્દાદિક પંચવિષયે કરીને ભગવાન સંગાથે દૃઢપણે જોડાણો છે, તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે, ને જેમ એ ભક્તને

ભગવાન વિના રહેવાતું નથી તેમ જ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી. અને એ ભક્તના હૃદામાંથી આંખ્યનું મટકું ભરીએ એટલી વાર પણ છેટે રહેતા નથી.

**સમજૂતિ :** જાગા ભગતની જેમ માયિક પંચવિષયને તુચ્છ કરીને શબ્દાદિક પંચવિષયે કરીને ભગવાન સંગાથે દૃઢપણે જોડાઈએ અને પ્રગટ સત્પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તીએ તો આપણાથી પણ ભગવાનની મૂર્તિ પળવાર પણ છેટે ન રહે.

૨. **ડૉક્ટરની સૂચના પ્રમાણે જ દવા લેવી જોઈએ - ઓછી કે વધારે નહિ. (મ.૫૧/૪૫૮)**

**સંદર્ભ :** માટે જેટલા ત્યાગી છે તેને તો ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલા ગૃહસ્થ હરિભક્ત છે તેમને ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલી બાઈઓ હરિભક્ત છે તેને બાઈઓના ધર્મ પ્રમાણે વર્તવું. અને જો તે થકી ઓછું વર્તે તો પણ સુખ ન થાય અને જો તે થકી અધિક વર્તે તો પણ સુખ ન થાય.

**સમજૂતિ :** ડૉક્ટરની દવા વધારે લઈશું તો જલદી મટી જશે. તેવું નથી. ઉલટાની બીજી તકલીફ ઊભી થાય. તેમ જ જો ઓછી લઈશું તો રોગ ઉપર જે અસર થવી જોઈએ તે થશે નહિ અને રોગ જશે નહિ. તેવી જ રીતે ધર્મમાં પણ જે આજ્ઞા હોય તે પ્રમાણે જ કરવું તો જ સુખ થાય.

૩. **શ્રીજીમહારાજે કહ્યું, 'અમે અમારા ભક્તની માળા ફેરવીએ છીએ.' (મ.૨૮/૪૨૦)**

**સંદર્ભ :** જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું. અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું. એ જ મારે વિષે મોટો ગુણ છે. અને એટલો ગુણ જેમાં ન હોય તો તેમાં કોઈ જાતની મોટ્યપ શોભે નહીં.

**સમજૂતિ :** 'ઢોલિયાના સત્સંગી હોય એ અમારી પાસે બેસો અને સત્સંગીના સત્સંગી હોય એ વાંસે બેસો.' પર્વતભાઈ દૂર જઈને બેઠા તો મહારાજ ઢોલિયા પરથી ઊઠીને પર્વતભાઈ પાસે જઈને બેઠા. સત્સંગીના સત્સંગી એટલે દાસત્વભક્તિનું લક્ષણ છે. અહીં મહારાજ દાસત્વભક્તિ કરવાનું સમજાવે છે. ભગવાનની અનુવૃત્તિ પાળે અને ભગવાનના ભક્તની સેવા ચાકરી કરે તેવા ભક્તની ભગવાન માળા ફેરવે છે.

૪. **સુરાખાચર મહારાજનો પત્ર વાંચીને સાધુ થઈ ગયા. (મ.૬૧/૪૭૪)**

**સંદર્ભ :** જે ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે. અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે, 'તું પરમહંસ થા.' તો તે તત્કાળ પરમહંસ થાય. એવાં જેનાં લક્ષણ હોય, તે હરિભક્તની સભાને આગળ બેસે અથવા વાંસે બેસે પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો.

**સમજૂતિ :** જેને ભગવાનનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તે ભક્ત પોતાનું સર્વસ્વ ભગવાન અને ભગવાનના સંતને અર્થે કરી રાખે છે. તે ભક્ત ભગવાન માટે કુટુંબનો, લોકલાજ, રાજ્ય, ધન, સ્ત્રી હોય તો પુરુષનો અને પુરુષ હોય તો સ્ત્રીનો તત્કાળ ત્યાગ કરી શકે છે.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧. એવી રીતે આત્મસુખે કરીને માંહેલી કોરે પૂર્ણ રહેવું અને બાહેર પંચ ઈન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો, એ જ કામાદિકને જીત્યાનો દૃઢ ઉપાય છે. પણ એ વિના એકલા ઉપવાસે કરીને કામાદિકનો પરાજય થતો નથી. (ગ.મ.૨/૩૫૪) (૮)

૨. અને જેને પૂર્વજન્મમાં ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તથા તેમની સેવા કરી હશે, તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ. અને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહિ. (ગ.મ.૫૯/૪૭૦) (૩૧)

૩. ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય, ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય, ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશય બળ આવે છે. (ગ.મ.૬૩/૪૮૦) (૩૪)

## વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૨, ૩ તથા ૪ નવી આવૃત્તિના આધારે

**(ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧૧, ૧૪, ૧૭, ૧૯, ૨૦, ૨૫, ૨૬, ૨૮ ભાગ - ૩, ઉદ્‌ગીથ : ૧, ૨, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૪, ૧૫ ભાગ - ૪ ઉદ્‌ગીથ : ૩ અને ૪ આધારે)**

**નોંધ :-(૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. અક્ષર મહિમાના ઉદ્‌ગાતા શ્રીહરિ**

| | | |
|---|---|---|
| ૧. | આ મૂળજીમાં મીઠાશ ભરી છે. તેમની પાસે રહે તો જગતની કડવાશ ટળી જાય. | ૨/૨૮૨ |
| ૨. | અમારી મૂર્તિ ભેગી આ મૂળજી મહારાજની મૂર્તિ પણ મોટાં મંદિરોમાં સ્થપાશે, પૂજાશે. | ૨/૨૮૨-૨૮૩ |
| ૩. | આજે શરદપૂર્ણિમા છે અને અમારા અક્ષરધામનો જન્મદિવસ પણ છે. | ૨/૨૮૩ |
| ૪. | મહારાજ મૂળજી શર્માનો મહિમા કહે છે. | ૨/૨૮૫-૨૮૬ |
| ૫. | અક્ષરનો મહિમા સમજાય ત્યારે પુરુષોત્તમનો મહિમા સમજાય. | ૨/૨૮૬-૨૯૦ |
| ૬. | અક્ષરના સંબંધે જીવભાવ ટળે છે. | ૨/૪૩૧ |
| ૭. | દેખાવમાં સામાન્ય લાગે છે પણ તે સ્વયં અમારું અક્ષરધામ છે.' - દીક્ષા પ્રસંગે | ૩/૬૬ |
| ૮. | 'એવા સદ્‌ગુરુ કોણ ?' - સારંગપુર રાસ રમતાં મહારાજનો પ્રશ્ન અને સ્વામીની ઓળખ. | ૩/૨૨૪-૨૨૫ |

**૨. શ્રીજીમહારાજે કરેલાં મનુષ્યચરિત્રો**

| | | |
|---|---|---|
| ૧. | 'લાડવા ખાવા છે કે ધૂળ ફાકવી છે' મહારાજે બ્રહ્માનંદ સ્વામીને માંડવીમાં સ્વામિનારાયણ બનાવ્યા. | ૨/૩૧૮-૩૧૯ |
| ૨. | બ્રહ્માનંદ સ્વામી ભગવાનની ગાદી ઉપર બેસે છે. | ૨/૩૨૦-૩૨૧ |
| ૩. | 'હી નિંગરો તો કનૈયો આય'. ખૈયાની માએ ઓળખાયેલા પરબ્રહ્મ | ૨/૩૨૩ |
| ૪. | 'લોલંગર અમને પકડવા આવશે ! મહારાજ અમદાવાદમાં ભગુજીને તથા વહેલાલમાં વખતબાને. | ૨/૪૭૪-૪૭૫ |
| ૫. | 'તમારી બીકથી અમને શૂરાતન ચડ્યું છે.' વખતબા મહારાજને | ૨/૪૭૫ |
| ૬. | 'આપનાં ચરિત્રો મોહ પમાડે તેવાં છે.' વહેલાલનાં જેસિંગભાઈ મહારાજને | ૨/૪૭૬ |
| ૭. | મહારાજે જગજીવન દીવાનને આપેલા જવાબથી હીરજીભાઇને સુંદરજી મૂંઝવણમાં - ઉપાધિમાંથી ઉગરવા મહારાજને રજા આપી. | ૩/૨૫ |
| ૮. | 'બાપો રસ્તામાં ચાલ્યા આવે છે.' જાલમસિંહ બાપુને મહારાજે આપેલો જવાબ. | ૩/૩૯ |
| ૯. | 'ઘોડા ઉપરથી પડી જવાની બીક લાગે છે.' જાલમસિંહને મહારાજ | ૩/૪૦ |
| ૧૦. | 'ડભાણના યજ્ઞમાં રક્ષણ કાજે તમારા માણસો લઈને આવો તો આ યજ્ઞ નિર્વિઘ્ને પાર પડે.' જાલમસિંહ બાપુને. | ૩/૪૩ |
| ૧૧. | સબ ભૂમિ ગોપાલકી - મહારાજ વજીબાને ત્યાં. | ૩/૧૧૯ |
| ૧૨. | 'સ્વામિનારાયણે તો બાબરો ભૂત વશ કર્યો છે' - મહારાજ વજીબાને. | ૩/૧૨૦ |
| ૧૩. | મહારાજ વીસનગરમાં ઉદયકુંવરબાને ઘેર - સુબાને સમાચાર - મામા-ભાણાનો સંવાદ - જમાદારને સમાધિ. | ૩/૧૨૨-૧૨૪ |
| ૧૪. | મહારાજ રાણદેબા સાથે નેતરાં તાણે છે. આંખોમાંથી પરસેવાનાં બિંદુ ટપકે છે. | ૩/૧૮૨-૧૮૩ |
| ૧૫. | સુરવાળની એક બાંયમાં બંને પગ નાખતા મહારાજ - કલ્યાણ તો આમ કરીશું. | ૩/૧૮૩-૧૮૪ |
| ૧૬. | જાળિયામાં મંદવાડ - એ બધાય બાયલા છે. - મને પાશેર જલેબીની ના પાડો છો ? | ૩/૨૭૬-૨૭૮ |

૧૭. ગંગાનું પાણી લાવો. અમારે નહાવું છે. - આ ગાડું ખેંચીને લાંબુ કરો. ૩/૨૭૮-૨૭૯
૧૮. આ ભગુજી તો સાવ ફોશી છે. ૩/૨૮૧
૧૯. દીકરા થઈને માને ખોટી પાડો છો. ૩/૩૯૫
૨૦. શ્રીજીમહારાજ સ્વયં ભગવાન છતાં આણંદમાં અસમર્થતા બતાવી. ૪/૪૯-૫૨

**૩. શ્રીજીમહારાજે કરેલી હરિભક્તોની રક્ષા**

૧. મહારાજ વાઘની બોડમાં હાથ નાખે છે. - લાલદાસથી ભક્તોની કરેલી રક્ષા ૩/૧૨૨-૧૨૬
૨. મેથાણમાં આજ્ઞા પાળનાર હરિભક્તોના પાકની વરસાદથી રક્ષા. ૩/૩૫
૩. મહારાજ નાજા જોગિયાની વહારે. ૩/૧૨૭-૧૩૩
૪. મહારાજ ખભા ઉપર મોભ ઊંચકી દેવા પટેલના ઘરનાં માણસો અને ઢોરોની રક્ષા કરી. ૩/૧૭૮-૧૭૯
૫. દાગીના વેચીને અનાજ લઈ લેજો - અગણોતેરાકાળ પહેલાનો મહારાજનો આદેશ ૩/૨૩૨-૨૩૩
૬. રૂડા સિંધવે મહારાજને કહ્યું કે વરસાદ નહિ પડે તો ખૂબ મુસીબત થશે. માણસ માણસને ખાશે. આપ ભગવાન છો. આપનું ધાર્યું જ થાય છે. મહારાજે રાત્રે કૃપા કરી તેના ખેતરમાં વરસાદ વરસાવ્યો. ૩/૨૪૩-૨૪૪
૭. મહારાજે દાદાખાચરનાં ઢોર ગુજરાતમાં મોકલી વેચાવી દીધા હતાં - ઢોરના વેચાણમાંથી ઊપજેલ રકમમાંથી તુવેર, ચોખા, બાજરો, જુવારના કોઠાર ભરી દીધા. ૩/૨૪૭
૮. જીવા ખાચરને વિષ ઘોળવાનો વખત : જીવા ખાચરે ભીમનાથના સદાવ્રતની વાત કરી. મહારાજની આંખમાં આંસુ - જીવા ખાચર પોતે જમવા બેસે અને માંગણ આવે તો તેને થાળી આપી દેતા - વિષ ઘોળવાનો વખત આવ્યો છે તેવી વાત કરી. વસ્તા ખાચરે શ્રીહરિની આજ્ઞાથી રૂપિયા એક હજારની સેવા કરી. હરિભક્તોએ પૂજન - કરી આપેલ રૂપિયા જીવા ખાચર તથા એભલ ખાચરને આપ્યા. કોઠીમાં અનાજ ભરી ઉપરથી છાંટી દેવાની આજ્ઞા. - દેવાળાના વણિક ભક્તના દાગીના વેચાવી તુવેર ભરાવી. ૩/૨૪૭-૨૫૦
૯. મેથાણના દેવશંકર અને કૃષ્ણજીને મળવા તેમના ગામને પાદર મહારાજ પધાર્યા. સૌની ખબર લેવા મહારાજ સ્વયં બધે વિચરતા. મહારાજનો જ ભક્તોને કઠણકાળમાં આશરો હતો. તેથી મહારાજ સ્વયં પધારતા. ૩/૨૫૬
૧૦. મેંથાણના દરબાર પૂંજાભાઈ તથા કાકાભાઈને મહારાજે જેતલપુરથી અનાજ અપાવ્યું. ૩/૨૫૮-૨૬૦
૧૧. મહારાજ પંચાળા પધાર્યા. ઉપલેટાનાં વેરાભાઈ દર્શને આવ્યા. મહારાજની અનાજ સાચવવાની આજ્ઞા પાળી ન હતી તેથી દુઃખી હતા. મહારાજે ઝીણાભાઈ પાસે તેમને ખાનગીમાં વસ્ત્ર, દાણા, રકમ વગેરે અપાવી. ૩/૨૬૨
૧૨. દેહાખાચરની બાબાજીના લશ્કરથી રક્ષા. ૩/૨૮૭-૨૯૧
૧૩. મહાકાળ તમારી રક્ષામાં આવશે. ૩/૨૮૯

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)**

**નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ઘેર બેઠાં ડભાણની દિવ્યલીલાનાં થયેલાં દર્શન**

૧. ડભાણની લીલા હું તમને અહીં બતાવીશ - આધોઈમાં કરણીબા અને તેમની ભત્રીજીને મહારાજનું વચન. ૩/૩૩
૨. ડભાણના યજ્ઞનાં દર્શન આધોઈનાં કરણીબાને થાય છે. ૩/૬૯
૩. સોરઠના હરિભક્તોને દિવ્ય દર્શન. ૩/૭૦
૪. સુરતમાં ડભાણની દિવ્ય લીલાનાં દર્શન. ૩/૭૦-૭૧

**૨. વિરોધ વચ્ચે શ્રીજીમહારાજે કરેલા યજ્ઞો**

૧. જેતલપુરમાં મહારુદ્રની તૈયારી. ૨/૪૧૨-૪૧૪
૨. બંસીધર સાથે શાસ્ત્રાર્થ - યજ્ઞમાં વિઘ્ન નાંખવાના પ્રયત્નો. ૨/૪૨૪-૪૨૯
૩. ડભાણ યજ્ઞ માટેની સામગ્રી કેવી રીતે આવી ? - ડભાણ યજ્ઞનો પ્રારંભ - આટલી બધી સામગ્રી મોકલે છે કોણ ? ૩/૫૦-૫૩
૪. વામી બ્રાહ્મણોના મનસૂબા અધૂરા રહ્યા - સ્વામિનારાયણીય ભક્તિ. ૩/૫૯-૬૦

**૩. ગઢપુરમાં મહારાજનો પ્રૌઢ પ્રતાપ**

૧. ભાવનગરના દરબારમાં ગઢવી લાડુદાન કવિ - સહજાનંદની પરીક્ષા કરી તેનો ભ્રમ ઉઘાડો કરો. ૨/૧૩૨-૧૩૫

૨. લાડુદાનજી ગઢડા પધારે છે. - ચાર સંકલ્પો અને પૂર્તિ. ૨/૧૩૬-૧૩૮

૩. 'ધન્ય આજની ઘડી' - જીવુબાને ઉપદેશ આપવા ગયેલા ઉપદેશ ગ્રહણ કરીને આવ્યા- દીક્ષા લીધી. ૨/૧૩૯-૧૪૯

**પ્ર.૮ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગ વર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખો. (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **શ્રીજીમહારાજને લોલંગર પર વ્યાપેલો ક્રોધ (૨/૪૬૩-૪૭૪)** અહીં નરમેધ થશે. મહારાજે કરેલી આગાહી. લોલંગરે છૂટા મૂકેલા તેના બાવાઓ - લોલંગરના બાવાઓએ સાધુઓ ઉપર વર્તાવેલો ત્રાસ - લાલદાસ ગોરાએ છોડાવેલા ચાર સાધુ- લોલંગર બાવાનો શિકાર બનતા મુક્તાનંદ સ્વામી - 'આજે બ્રહ્માંડ બોળી દેવામાં મને સંકોચ થશે નહિ.' મુક્તાનંદસ્વામીને મારેલા મારથી મહારાજે કરેલો સંકલ્પ - સાધુઓને સુરત મોકલ્યા. - આજે ખાંડાના ખેલ ખેલવાના છે. - ચાર પાડ્યા ચોકમાં - સાચી અહિંસા. **મનન :** 'વરતાલ ૧૧માં મહારાજ કહે છે 'ભગવાનના ભક્ત, બ્રાહ્મણ અને ગરીબ માણસનો દ્રોહ કરે તે અમને દીઠો જ ગમે નહીં અને આલોક ને પરલોકમાં તેને ને અમારે સોબત રહેવાની નથી.' મહારાજના આ સ્વભાવ અનુસાર મુક્તાનંદ સ્વામીનો દ્રોહ કરનાર લોલંગર સામે મહારાજે યુદ્ધ છેડ્યું.

૨. **મુક્તાનંદ સ્વામીને થયેલી અશાંતિ - શ્રીજીમહારાજે કરેલી વાતો (૩/૩૬૩-૩૬૫)** અંતરનું નિરાકરણ કરવા માટે મુક્તાનંદ સ્વામીનો મહારાજને પ્રશ્ન : 'શાંતિ કેમ થાય ?'' - મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન સાંભળી મહારાજને થયેલું આશ્ચર્ય - મહારાજે પોતાના જન્મથી લઈને અનેક પ્રકારના ચરિત્રોની વાત કરી - નિત્યાનંદ સ્વામીનો મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન :- 'તમારા દર્શનથી મહારાજને શાંતિ થઈ તો તમને - મહારાજના સંબંધથી શાંતિ થતી નથી - મુક્તાનંદ સ્વામીનો ફરીથી એ જ પ્રશ્ન મહારાજને - મહારાજની ગુજરાતમાં ફરવા જવાની આજ્ઞા - નિત્યાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી વચ્ચે ચર્ચા - 'શાંતિ તો એક નારાયણના ચરણાવિંદમાં જ છે.' - મહારાજના ચરિત્રો ગાવા ને સાંભળવા તેમાં જ શાંતિ છે - મુક્તાનંદ સ્વામીને દૂર થયેલી અશાંતિ - મહારાજને બંને સદ્‌ગુરુઓ રાત્રે જ ફરીથી મળ્યાં. - મહારાજે આપેલો બોધ. - **મનન :** ગ.પ્ર. ૩ માં મહારાજ લીલાચરિત્ર સંભારી રાખવાનું કહેતા કહે છે. જો અંત સમયે તે સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ સાંભરી આવે અને જીવ મોટી પદવીને પામે છે. માટે મહારાજ મોટા વિષ્ણુયાગ વ્રતોત્સવ કરાવતા. પ્રગટના ચરિત્ર જોયા સાંભર્યા હોય તો જ યાદ આવે. માટે મહારાજે મુક્તાનંદ સ્વામીને પોતાના ચરિત્રોની વાત કરી.

૩. **નરહરિ નેતરા તાણે ...... રાણદેબાને દિવ્ય સ્મૃતિ (૩/૧૮૨-૧૮૩)** રાણદેબા વલોણું કરતાં થાકી ગયા - મહારાજ તેમની સામે નેતરાં તાણવા લાગ્યા - આંખમાં પણ પરસેવો - ભગવાનમાં બુદ્ધિનો છાંટોય દેખાતો નથી - તેથી જ માખણ દેખાતું નથી - આ મૂર્તિ અખંડ હૈયામાં રહે તેવું કરજો - મહારાજને માખણ અને સાકર જમવા આપ્યા - પ્રસાદી રાણદેબા અને રાઠોડ ધાંધલે લીધી - છાશ અને માખણવાળાં વસ્ત્રો જોતાં દરબારમાં સૂરાખાચરનો પ્રશ્ન 'આ રંગ ક્યાં રમી આવ્યા ?' - તમારાં ચરિત્રો છાનાં તો નહીં રહે. - છતરાયા થવા માટે તો અમે ચરિત્ર કરીએ છીએ. **મનન :** મહારાજના પ્રાગટ્યના છ હેતુઓમાંનો એક હેતુ ભગવાનને વિષે પ્રીતિવાળા મુમુક્ષુઓના મનોરથ પૂર્ણ કરવા અને તેમને લાડ લડાવવાંનો હેતુ અહીં મહારાજે પૂર્ણ કર્યો. પોતાના ચરિત્રો છતરાયાં કરે છે. એટલે આગળ ઉપર થનારા ભક્તો પણ તેનું ગાન કરી શકે.

૪. **જેસોજી દરબારને સંસારની વાસના ઉદય થાય છે. (૩/૨૮૭)** હરિભક્તોના દોષ જોવાથી અંતઃકરણ મલિન થયું. - મહારાજ સાથે કારિયાણી જવાનો ઈન્કાર - મહારાજે ઘેર જવા કરેલી આજ્ઞા - પત્નીએ પણ સાંખ્યધર્મ સ્વીકારેલો તેથી ઘેર જવાની પાડેલી ના - કપિલેશ્વરાનંદ સ્વામીએ આપેલો ઠપકો. **મનન :** ઉપાસના અને ભક્તિના પ્રતાપે કરીને ગમે તેટલી સિદ્ધિઓ આવે પણ તેનો ઉપયોગ બીજાના દોષો જોવામાં ન કરવો જોઈએ. બધામાં એક ગુણ જોઈએ તો આપણે ગુણથી ભરપૂર થઈએ અને દોષો જોઈએ તો દોષોથી ભરાઈ જઈએ અને ભગવાનના માર્ગમાંથી પડી જઈએ.

૫. **શ્રીજીમહારાજે ૫૦૦ સંતોને આપેલી પરમહંસ દીક્ષા (૨/૨૫૮)** ધ્રાંગધ્રામાં મુક્તાનંદ સ્વામીને વેરાગી બાવાઓ મારે છે - વેરાગીઓનો ત્રાસ - મહારાજના આંખમાંથી આંસુ - મહારાજે વેરાગીઓથી સંતોની રક્ષા કરવા બાહ્ય ચિહ્નો, ઉપકરણો દૂર કરાવી અલક્ષ્યપણે રહી સત્સંગ કરવા પરમહંસ દીક્ષા આપી - મહારાજથી પણ મોટી ઉંમરના વડીલ અને વૃદ્ધ સંતોને શ્રીહરિના કાર્યની સિદ્ધિ તેમાં હતી - તેઓને આજ્ઞાપાલનમાં પ્રસન્નતાની પ્રાપ્તિ હોવાથી આજ્ઞા ઝીલી લીધી અને રાત્રિના એક જ પ્રહરના ઉપદેશમાં મહારાજે પાંચસો સંતોને પરમહંસ દીક્ષા આપી **મનન :** જે બીજાથી ચડિયાતા હોય તે જ બીજાને પોતાની આજ્ઞામાં વર્તાવી શકે.

**પ્ર.૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. કુશળકુંવરબા**

૧. પ્રગટ ભગવાન કાંડુ પકડશે ત્યારે કલ્યાણ થશે. ૩/૩૯૯
૨. ધરમપુરમાં મહારાજનું ભવ્ય સ્વાગત. ૩/૪૦૩
૩. ભક્તો પહેલાં, મહારાજ પછી. ૩/૪૦૫
૪. આપ અનંત અવતારોનું મૂળ છો. ૩/૪૦૫
૫. મેં તમારો અપરાધ કર્યો છે. ૩/૪૦૭
૬. લાજ એ ધર્મની બહેન છે. - સુરતનો સંઘ આવે છે. ૩/૪૦૮-૪૦૯
૭. હાથીની સવારીમાં શોભે એવો પોષાક છે. ૩/૪૧૦
૮. ગઢપુરથી મંડળ આવે છે. ૩/૪૧૩
૯. દાદા વગર અમારાથી પણ નહિ રહેવાય. ૩/૪૧૩
૧૦. તમને અણીશુદ્ધ ચોખા કરવા છે. ૩/૪૧૪
૧૧. 'બ્રહ્મચારી ! અમને ભૂખ લાગી છે.' - હું જ મહારાજને જમાડવા આવું છું. - કુશળકુંવરબા ૩/૪૧૭
૧૨. આ રાજમાતા તો સાક્ષાત અન્નપૂર્ણા છે. ૩/૪૧૮
૧૩. અમારું અંતર્યામીપણું કામમાં ન આવ્યું. - શ્રીજીમહારાજ ૩/૪૧૯
૧૪. અનિર્દેશ તે કયો દેશ છે ? - કુશળકુંવરબા ૩/૪૨૭
૧૫. મહારાજનું પૂજન - મહારાજ, આપ આ રાજ્ય ન સ્વીકારો ? - કુશળકુંવરબા ૩/૪૨૮
૧૬. રાજ્ય વધારવાનો લોભ રાખશો નહિ. - શ્રીજીમહારાજ ૩/૪૨૯

**વ્યક્તિત્વનું આલેખન :** રાજરાણીને સંપૂર્ણ રાજ્ય વહીવટની જવાબદારી હોવા છતાં જીવના કલ્યાણનો પણ એટલો જ ખપ. રોજ કથા સાંભળવી. તેનો સાર ગ્રહણ કરવો. તે રીતનું પોતાનું જીવન બનાવવા પણ એટલા જ પ્રયત્નશીલ રહેવું. પ્રગટ ભગવાનથી કલ્યાણ થઈ શકે તેવી દઢ માન્યતાવાળા. પ્રગટ ભગવાન મળ્યા ત્યારે તેમને ઓળખીને પોતાનું સમગ્ર સમર્પણ કરીને તેમની આજ્ઞાપ્રમાણેનું જીવન બનાવ્યું.

**૨. મૂળજી બ્રહ્મચારી**

૧. શ્રીહરિની રૂચિ સમજી સમઢિયાળામાં લાખાખાચરના ભાવપૂર્ણ થાય તે રીતની રસોઈ બનાવી ભક્ત-ભગવાન બંનેનું સાચવ્યું ૨/૨૧૫
૨. આપના દિવ્ય સ્વરૂપનું જ્ઞાન કેમ થાય ? મુકુન્દાનંદ બ્રહ્મચારીનો મહારાજને પ્રશ્ન ૩/૧૪-૧૫
૩. બાપો તો આગળ પહોંચી ગયા તે જ છે. હું તો તેમનો સેવક છું- જાલમસિંહ બાપુને મૂળજી બ્રહ્મચારી. ૩/૩૯
૪. પ્રભુ ! ઢેખાળો મારશો કે ગમે તે કરશો પણ આપને લીધા સિવાય જવાનો નથી. - મહારાજની કાયાની છાયા જેવા મૂળજી બ્રહ્મચારી - મહારાજ વીસનગર જાય છે ત્યારે. ૩/૧૧૪-૧૧૫
૫. 'આ તો કળિયા, બળિયા, અને છળિયા બધુંય છે !' - કંથારિયાના રજપૂત હરિભક્તને ૩/૧૧૬
૬. મહારાજની આજ્ઞા પ્રમાણે લાલદાસના આરબ જમાદારને સમાધિ કરાવી - વીસનગરમાં ૩/૧૨૪
૭. અમારા આ ગુરુજી એ સ્વામિનારાયણ ભગવાન સ્વયં છે. - વઢવાણના ભાણજી મહેતાને ૩/૧૨૮

૮. 'તે તો અમારી સેવામાં છે. ઊંઘતા નથી.' - મહારાજે સભામાં ઊંઘતાને બેરખો મારવાનો નિયમ કર્યો ત્યારે. ૩/૧૩૯
૯. તમને તો મહારાજ સપ્તર્ષિ કહી માન આપે છે છતાં મહારાજ સાથે માન રાખો છો ?- અલૈયા ખાચરને. ૩/૨૫૧
૧૦. ગોળના ગળપણની ખાધા વગર ખબર ન પડે તેમ તમારા સ્વરૂપના અનુભવ વગર તમારી વાત ન સમજાય. ૩/૩૫૧
૧૧. અન્નકૂટની વિધિ કરવા આવ્યો છું - અન્નકૂટની સાચી વિધિ તો મહારાજ જમશે ત્યારે થઈ ગણાશે. ૩/૩૬૮
૧૨. બ્રહ્મચારી ! સ્વપ્નમાં જમાડતા હતા તો હવે સાચેસાચું જમાડો. ભૂખ લાગી છે. - ધરમપુરમાં ૩/૪૧૭
૧૩. મહારાજ ! થોડું જમો. ત્યાં શું થશે તે કોણ જાણે છે ? - આણંદ જતાં પહેલાં સામરખામાં ૪/૪૮

**વ્યક્તિત્વનું આલેખન :** જાગ્રત કે સ્વપ્નમાં મહારાજની રૂચિ પ્રમાણે જ સેવા કરવાનું અંગ. મહારાજનું સ્વરૂપ સમજતાં હતાં. પ્રગટની સેવાનો મહિમા સમજતાં હતાં.

## વિભાગ - ૩ : 'યોગીજી મહારાજ' નવી આવૃત્તિના આધારે - સામાન્ય જ્ઞાન નિબંધ

**પ્ર.૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

**૧. એ ય હતા દિવસો !**

૧. પૂર્વભૂમિકા - ચાણસદની પરિસ્થિતિ - હું ગુરુ, હું શિષ્ય, હું રસોઈ કરું, - સારંગપુરમાં એક જ નાની તપેલી - સાંકરદામાં સવા બશેર ઘી ત્રણ મહિના ચલાવ્યું ૭૧-૭૨
૨. કારિયાણીમાં દાણાવાળા ઝોળીનો ટેક્સ લે - હરિદાસ તેલ વાપરતા જ નહિ - નદીમાં મણેક લોટ પલળી ગયો - ભાવનગરમાં શાસ્ત્રીજી મહારાજ સાથે ઝોળી માગતા બે દિવસે ૧૦ મણ લોટ થતો-મુંબઈમાં બે જ શેઠ. ૭૩
૩. છીપી ચાલ પાંચ મોટા ઉંદર - એક જોન્સન કંપની, બે સાધુ અને એક હરિભક્ત - બોચાસણથી વાસદ ટ્રેનમાં. ૭૪
૪. અક્ષર મંદિરની જમીનનો દસ્તાવેજ - મંદિર નિર્માણની પ્રવૃત્તિ - હરિભક્તોની સરભરા ૭૫
૫. સર્પદંશ-રાજકોટ કિશોર મંડળ મંદિર નિર્માણની સેવામાં-પાનેલીની ખાણમાં કામ કરતાં સંતોને જમવાનું મોકલતા ૭૬
૬. ગોંડલ મૂર્તિ પ્રતિષ્ઠા - યોગીજી મહારાજને મહંતાઈ - દરબારોની સરભરા - બપોરની ટ્રેનની રાહ જોતાં ૭૭
૭. હકાભાઈએ ગોંડલ મંદિરની પરિસ્થિતિની શાસ્ત્રીજી મહારાજ આગળ રજૂઆત - શાહી ઢોળાઈ - શુકન થયા - દેરી પર કડિયાની રકમના પૈસાનો કાગળ અને ધૂન - મોરારજી શેઠ તેરસો રૂપિયા લઈ આવ્યા ૭૯

**૨. 'મહાનતા હુકમની નહિ, દાસત્વની' યોગીજી મહારાજના જીવનમાં**

૧. પૂર્વભૂમિકા -'સેવાથી સત્પુરુષ હૃદયમાં (જ્ઞાનનો) પ્રકાશ પાથરી દે' યુવાનને-'વાસણ ઘસવાથી આ પ્રાપ્તિ થઈ છે.' ૮૧
૨. દાસત્વનો આદર્શ શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, સદ્‌ગુરુ પરમહંસો. ૮૨
૩. 'અત્યારે તો જોગી જ મારી લાજ રાખશે.'- શાસ્ત્રીજી મહારાજ - ૪૦ સદ્‌ગુરુઓની સેવા - મને અંતરમાં શાંતિ છે. ૮૪
૪. પીરસવાનું પુણ્ય મોટું છે - આફ્રિકામાં યુવકોના કપડાં ધોયા - કોઠારી બબુભાઈનું ધોતિયું તારવવા લીધું. ૮૫
૫. અટલાદરામાં રાત્રે બાર વાગે સી. ટી. પટેલને સૂવાની વ્યવસ્થા કરી આપી. ૮૬
૬. રામોદમાં કથાવાર્તા કરી રસોઇ કરી. માતમ સ્વામી બહુ દયાળુ. પ્રેમથી સેવા આપી. ૮૬
૭. ૭૬ વર્ષની ઉંમરે ગોંડલમાં રસોડામાં સેવા કરી બગીચો સાફ કરવા લાગ્યા.- ગુરુ થવામાં માલ નથી. ૮૭
૮. ૭૪ વર્ષની વયે અનેક રોગો છતાં 'વાસણ ઉટકવાનો ઉત્સાહ.' ૮૭-૮૮
૯. દેહની શિથિલતાથી સેવા ન થતી ત્યારે સ્વપ્નમાં પણ સેવા.- ગૌશાળા સાફ કરી - હરિભક્તોને પાણી પાયું - ચાણસદમાં દસ શેરની રોટલી ને અધમણનું શાક કર્યું. - ઉપસંહાર ૮૮-૮૯

**૩. અક્ષરધામની ઓફિસ**

૧. પૂર્વભૂમિકા - રોજનો છ થી સાત કલાકનો સમય વપરાતો - અમારે આવી મોંઘી પેન રખાય જ નહિ. ૧૯૨-૧૯૪
૨. ટપાલની આખી વખાર જ ખાલી કરી દીધી. - 'શુક્લ સાહેબની ટપાલ ક્યાં છે ? એક જ પત્તું આપ્યું છે.' - તમારે બધાં પત્તાંના દર્શન કરાવવા.- કાગળ વંચાયા વિના ન રહેવો જોઈએ. - વિનુ ભગતને ૧૯૫
૩. 'આવી રીતે ખબર રાખીએ તો મહારાજ ચરણારવિંદ આપે.' - મહંત સ્વામીને ૧૯૬
૪. બાળકો યુવાનોએ છ કલાક વાંચવું જોઇએ. ફર્સ્ટમાં પાસ થઇ જશો. તિલક-ચાંદલો તાણવો. ૧૯૬
૫. આપણે તો ૨૫ મહાપૂજા કરવાનું કહ્યું હતું. - પત્રમાં જાવક નંબર - ગમ્મત. ૧૯૭
૬. એણે અક્ષર ઉકેલવા જોઈએ, અક્ષરધામના અક્ષર ઉકેલે તો માયા પર થઈ જાય. ૧૯૮

૭. યુવકોને આધ્યાત્મિક શ્રેષ્ઠ માર્ગદર્શનના પત્રોના પ્રવાહથી આત્મબળનું સિંચન. ૧૯૮-૧૯૯
૮. સંતો પ્રત્યેના હિતનું પત્રમાં માર્ગદર્શન. ૨૦૦-૨૦૧
૯. ભારતથી સ્વામીશ્રીને પત્ર 'યોગીજી મહારાજ, કંપાલા' એટલું જ સરનામું. ૨૦૧
૧૦. આપે મારા પોસ્ટ બોક્સ પર ટપાલ મંગાવી તો હું ભાગ્યશાળી થયો. - ગુણભાવી પારસી. ૨૦૧

**પ્ર.૧૧. નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો.**
**(દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા) (કુલ ગુણ : ૬)**

**૧. શાસ્ત્રીજી મહારાજની છાયામાં**
૧. પૂર્વભૂમિકા - કૃષ્ણચરણદાસ સ્વામીની રજા - નીલકંઠ સ્વામીનો રાજીપો. ૨૭, ૨૯
૨. શાસ્ત્રીજી મહારાજનો વિજ્ઞાનદાસ સ્વામી ઉપર પત્ર - શાસ્ત્રીજી મહારાજનો કેશવલાલ દીવાન પર પત્ર - કેશવલાલ દીવાનની મદદ - ઠાકોરજીના દર્શનથી સંતોના અંતરમાં શાંતિ. ૩૦
૩. જ્ઞાનજી સ્વામીની સર્વોચ્ચ મૂડી હરિકૃષ્ણ મહારાજની પ્રાપ્તિ - પાર્ષદ નારાયણ ભગતનો વિષાદ. ૩૧
૪. મુંબઈવાળા ભગવાનદાસ શેઠનો સહયોગ - કૃષ્ણજી અદાની સહાય - સંતમંડળ રાજકોટમાં ૩૨
૫. સંવત ૧૯૬૭ અષાઢ સુદ ૧૩, તા. ૯-૭-૧૯૧૧ ના રોજ શાસ્ત્રીજી મહારાજ સાથે મિલન. ૩૨

**૨. નિષ્કામધર્મના અસિવ્રતધારી યોગીજી મહારાજ**
૧. એ લોકોએ પહેલાં આપણને બેસાડવા જોઈએ ને પછી બીજાને બેસાડે તો બાધ નહીં. નૈરોબીમાં પ્લેનમાં બેસતા પહેલાં. ૯૪-૯૫
૨. બાળકીને આશીર્વાદ માટે હરિભક્ત લાવેલ. યોગીજી મહારાજે ઉપવાસ કર્યો. ૯૪
૩. ભાયાવદરમાં શોભાયાત્રામાં બાળકી આસન પર આવી ગઈ - ઉકાળો જ ગ્રહણ કર્યો. ૯૫
૪. નારણભાઈનો સંકલ્પ સ્ત્રીએ કહેવડાવ્યું છે 'બાપા દૂધ પીતા નથી' સ્વામીશ્રીએ પૂરો કરેલો સંકલ્પ. ૯૮
૫. નિષ્કામધર્મનો અતિ આગ્રહ - સંતોને ધર્મામૃત વાંચવાની આજ્ઞા - નિષ્કામ શુદ્ધિના ઉપવાસ. ૧૦૪

**૩. ઉપવાસના આગ્રહી યોગીજી મહારાજ**
૧. નિષ્કામ ધર્મમાં સહેજ પણ ચૂક થાય તો પોતે ઉપવાસ કરી જ દે. નિષ્કામ શુદ્ધિનો ઉપવાસ. ૧૦૪
૨. યુવાનોના આચારમાં ઉપવાસનો મહિમા સ્થાપિત કરતા. - આ ઉપવાસની કોલેજ જે આવે તેને ઉપવાસ મળે. ૧૬૭
૩. સેવામાં આવતા યુવકોએ પાંચ દિવસે એક ઉપવાસ કરવાનો નિયમ.- યુવકોના નવા આવતા મિત્રોને ઉપવાસ. ૧૬૭
૪. મોટા ઉત્સવોને દિવસે ઉપવાસ કરનારાની યાદી કરાવે.- બોચાસણમાં દર્શને આવેલા વિદ્યાનગરના સાઈઠ યુવકોને બીજે દિવસે ઉપવાસ કરવાની આજ્ઞા.- પુષ્ટ શરીરવાળા યુવકને ઉપવાસ આપે અને કહે જાડિયાને ઉપવાસ ઠપકાર્યો ! ૧૬૮
૫. અંગ્રેજી શીખવાની વાત 'ટુમોરો ફાસ્ટ' શીખવનાર યુવક પિનાકીનને જ પ્રથમ 'ટુમોરો ફાસ્ટ' કર્યું. ૧૬૯

**૪. સંત સેવાના ઉત્સુક ઝીણાભગત**
૧. જૂનાગઢી સંતમંડળની સેવામાં. ૧૩
૨. (૧) લોહીમાં વણાયેલો મંત્ર (૨) અપંગ સાધુ ધર્મજીવનદાસની સેવામાં (૩) બાલમુકુંદદાસને બે માસ પંખો નાખવાની સેવા (૪) માધવપ્રિયદાસને પેટનો દુખાવો પેટ ચોળી આપવાની સેવા. ૨૦-૨૧

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગ વર્ણવી મનન લખો. (કુલ ગુણ : ૬)**

**નોંધ : ૨ ગુણ પ્રસંગના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

**૧. અભ્યાસમાં ઝીણાભગતનો પ્રામાણિકતાનો આગ્રહ (૭)** દુર્લભજીને જવાબ ન આવડ્યો - શિક્ષકનો માર - તેના કાકાને સાચી વાત ઝીણાભાઈએ જણાવી - જગદીશભાઈ ઠપકાથી ઉગરી ગયા - મારું ખોટું હશે તો તમારું ય ખોટું પડશે - ચોરી કરીને લખવાનું પરમાત્માને છેતરવાનું માનતા.
**મનન :** પ્રમાણિકતાની ટેવ બાળપણથી પાડવી જોઈએ. સાચી વાત નીડરતાથી કરવી જોઈએ.

૨. **મહેળાવની ઐતિહાસિક પારાયણ (૨૯૨-૨૯૪)** તમે અને જશભાઈ તથા નરસિંહભાઈ ફેબ્રુઆરીમાં મહેળાવ આવજો. તમારે ત્યાં પારાયણ કરીશું - યોગીજી મહારાજનો સંકલ્પ - તા.૨૨/૨/૧૯૭૧માં પ્રમુખસ્વામીએ પૂરો કરેલો સંકલ્પ. તા. ૨૩/૨એ સંત સ્વામીએ કરેલી મહત્ત્વની વાત - શ્રીજીમહારાજને સોંપેલી ધર્મધૂરા અને રઘુનાથે કરેલો ડખો - સંત સ્વામીએ બોલાવેલી પ્રમુખસ્વામી મહારાજની જય - કોઠારી ભક્તિપ્રિય સ્વામી અને નારાયણ ભગતે પારાયણ નિમિત્તે પ્રમુખસ્વામી મહારાજના પ્રશસ્તિ શ્લોકની કરેલી રચના - 'શોભો સાધુ ગુણે...'

**મનન :** ગુરુએ આપેલા વચન પૂર્ણ કર્યા. ભગવાન ક્યારેય પૃથ્વી ઉપરથી જતા નથી. ભગવાનના પ્રગટ સ્વરૂપને ઓળખી તેમનો આશરો કરવો.

૩. **ભેંસદડમાં વેઠેલો ભીડો (૧૫૬)** પધરામણીમાં હરિભક્તોને રાજી રાખતા - ભેંસદડમાં હરિભક્તના નવા કરાવેલા મકાનમાં પધરામણી - બીજી ૨૫-૩૦ પધરામણીઓ વધી - રાતના ૧૦ વાગ્યા સુધી પધરામણી - સૌને રાજી કર્યા.

**મનન :** પોતાના દેહની પરવા કર્યા વગર હંમેશા બીજાને જ રાજી રાખવાના ઈચ્છાવાળા સ્વામીએ જાતે ભીડો વેઠીને સત્સંગ વધાર્યો છે.

૪. **સુરતમાં રવિસભા માટે રાખેલો આગ્રહ (૧૮૧-૧૮૨)** સુરત રેલ્વે સ્ટેશન પર હરિકૃષ્ણભાઈને પ્રશ્ન 'રવિ સભા કેવી થાય છે ?' - બંધ કરવાની ઈચ્છા થાય છે - એકલા પણ રવિ સભા કરવાનો નિયમ રાખવો - થાંભલા સાથે પણ કથા કરવી - ખપ રાખવો.

**મનન :** 'એકલો જાને રે એકલો જાને રે તારો સાદ સુણીને કોઈ ન આવે તો એકલો જાને .... ' સત્સંગનો ખપ રાખવો. ક્યારેય નિરાશ થઈને આદરેલું કાર્ય છોડવું નહિ.

**પ્ર. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ)**
**(પાંત્રીસથી ચાલીસ લીટીમાં) (કુલ ગુણ : ૧૫)**

**નોંધ : નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **અક્ષરબ્રહ્મનો સ્વર્ણિમ મહિમા : (૧)** અધ્યાત્મ સાધનાનું ઉચ્ચતમ ધ્યેય - બ્રાહ્મીસ્થિતિ : ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતો તેમજ સનાતન હિંદુ ધર્મનાં તમામ વૈદિક શાસ્ત્રોમાં અક્ષરબ્રહ્મનો સ્વર્ણિમ મહિમા - આધ્યાત્મિક સાધનાના સર્વોચ્ચ શિખરે પહોંચવા માટે અક્ષરબ્રહ્મની આવશ્યકતા. આધ્યાત્મિક સાધનાની સર્વોત્તમ ફલશ્રુતિ રૂપે તમામ શાસ્ત્રો દ્વારા અક્ષરબ્રહ્મનું વર્ણન. હે અર્જુન ! આ બ્રાહ્મીસ્થિતિ છે. (ભગવદ્ગીતા : ૨/૭૨) બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા (ભગવદ્ગીતા - ૧૮/૫૪) માયિક ગુણોના નાશ થતાં બ્રાહ્મીતનુ મળે છે. (મહાભારત - ૧૨/૨૦૬/૨૭) આ જીવાત્મા બ્રહ્મરૂપ છે. (બૃહદારણ્યકોપનિષદ - ૪/૪/૫) 'હું બ્રહ્મ છું' બૃહદારણ્યકોપનિષદ - ૧/૪/૧૦) પોતાના આત્માને અક્ષરબ્રહ્મ માનીને શિક્ષાપત્રી - ૧૧૬. બ્રહ્મને જાણે છે તે પરબ્રહ્મને પામે છે. (તૈત્તરીયોપનિષદ : આનંદવલ્લી -૧) આ તમામ સંદર્ભોનું બ્રાહ્મીસ્થિતિ નામની વિશિષ્ટ સ્થિતિ તેમજ બ્રહ્મ સાથે કરવા અંગે દિશાસૂચન - આ સ્થિતિ પ્રાપ્ત કરનારની જન્મ-મરણની ઘટમાળનો નાશ - આ માટે જ યુગોથી સાધકોની સાધના - અનેક શાસ્ત્રોમાં મહિમા - પરંતુ આ સ્થિતિની પ્રાપ્તિ તો માત્ર અક્ષરબ્રહ્મ દ્વારા જ તે આપેલ સંદર્ભોથી ફલિત. **(૨)** અક્ષરનો મહિમા તથા સાર્મથ્ય : ઋચાઓથી પ્રતિપાદિત થયેલું અક્ષરબ્રહ્મ પરમ વ્યોમરૂપ છે, જેમાં દેવો અર્થાત્ અક્ષરમુક્તો રહે છે. જે આ અર્થ જાણતો નથી તેને વેદની ઋચાઓ જાણીને શો લાભ ? જે આ રહસ્ય જાણે છે તેને જ સમાસ થાય છે. (તેની જ ઉર્ધ્વગતિ થાય છે.) ઋગ્વેદ ૧/૧૬૪/૩૬) ભગવાનના ધામ તરીકે સ્થાન વિશેષનો નિર્દેશ બીજી આ ઋચામાં : સાધારણ રીતે મનુષ્યો આકાશ તરફ દૃષ્ટિ માંડીને જુએ છે તેવી રીતે અક્ષરધામમાં સૂરિ અર્થાત્ અક્ષરબ્રહ્માત્મક મુક્તો પરબ્રહ્મનાં દર્શન કરે છે. ઋગ્વેદનું સ્પષ્ટપણે જણાવવું કે તમામ ઋચાઓમાં અક્ષરધામરૂપ અક્ષરબ્રહ્મનું વર્ણન - તે પરબ્રહ્મનું ધામ - અક્ષરમુક્તોનો આધાર - એનો અર્થ

એ કે અક્ષરબ્રહ્મધામની વાત - હજારો વર્ષો અને યુગોથી હિંદુધર્મમાં વૈદિક સમયથી પ્રચલિત - ઉપજાવેલ નથી પણ વેદોથી પણ પ્રાચીન અર્થાત્ સનાતન. બૃહદારણ્ય ઉપનિષદમાં અક્ષરબ્રહ્મના અપાર સાર્મથ્યની વાત : હે ગાર્ગી! જરૂર આવા અક્ષરની આજ્ઞામાં રહીને આ સ્વર્ગ અને પૃથ્વી બંને (પોતાના કાર્યને) ધારી રહ્યાં છે તે ગાર્ગી! આ અક્ષરબ્રહ્મની આજ્ઞાથી હિમાચ્છાદિત શ્વેતપર્વતોમાંથી નદીઓ ચારે દિશાઓમાં વહેવું - અક્ષરબ્રહ્મની આજ્ઞાથી જ દાન કરનારની પ્રશંસા (બૃહદારણ્યકોપનિષદ ૩/૮/૯)) અર્થાત્ અક્ષરબ્રહ્મ તત્વને સર્વના કારણ દર્શાવ્યા છે. આ વાત ભગવાન સ્વામિનારાયણ વચ.ગ.પ્ર. ૬૩માં યથાર્થપણે કહે છે ‘સર્વનું કારણ અક્ષરબ્રહ્મરૂપે .... અક્ષરનું રૂપ આવતું નથી - હજારો વર્ષ પહેલાં ભગવાન સ્વામિનારાયણના જ આ શબ્દો વેદોએ ઉચ્ચાર્યા હોય તેવી અનુભૂતિ. (૩) અક્ષરધામમાં મૂર્તિમાન અક્ષરબ્રહ્મ : આ સ્વયં અક્ષરબ્રહ્મ અનંતકોટિ અક્ષરમુક્તોના આદર્શરૂપ - અક્ષરધામમાં પણ મૂર્તિમાન - सोडश्नुते सर्वान् कामान ब्रह्मणा विपश्चितता । (તૈતરિયોપનિષદ આનંદવલ્લી-૧) આમ જાણનાર જ્ઞાની મુક્તો બ્રહ્મની સાથે રહીને પરમાત્મ સ્વરૂપના સુખ સ્વરૂપ બધા જ અભિલષિત સુખ માણે છે. પરમાત્માનો આનંદ લેનાર અક્ષરબ્રહ્મ અક્ષરધામમાં મૂર્તિમાન તેમજ તેમની જેમ જ કર-ચરણ વગેરે દિવ્ય અવયવોવાળા મુક્તો પણ પરમાત્મસુખ ભોગવે છે એવો આ શ્રુતિનો અર્થ - પૂર્વે બે વાત જોઈ ઋગ્વેદ દ્વારા આ અક્ષરબ્રહ્મ ધામરૂપે છે તેમ પ્રતિપાદન તથા તૈતરિયોપનિષદ દ્વારા આ અક્ષરબ્રહ્મ મૂર્તિમાન - વસ્તુતઃ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ કેવું ? પોતે જ ધામ અને પોતે જ તેમાં મુક્તોના આદર્શરૂપે મૂર્તિમાન ? બે ભેળું કઈ રીતે સંભવે ? પરંતુ મુંડકોપનિષદ અક્ષરબ્રહ્મના બંને સંયુક્ત સ્વરૂપોની વાત અક્ષરબ્રહ્મના નિરૂપણ દ્વારા (૨/૨/૧) મોટું સ્થાન અર્થાત્ બ્રહ્મધામ રૂપે પણ તે જ છે. એ અક્ષરબ્રહ્મ ધામમાં જ પરમાત્માની સેવામાં સદાય સમર્પિત મૂર્તિમાન સેવકરૂપે - આ વર્ણન પરથી ફલિત થાય છે કે મૂર્તિમાન અક્ષરબ્રહ્મ જ અન્ય સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા તથા અક્ષરમુક્તોને રહેવાનું ધામ - ધામમાં પણ મૂર્તિમાનરૂપે અક્ષરમુક્તોના આદર્શ - આ સિદ્ધાંત વચનામૃક ગઢડા પ્રથમ પ્રકરણ-૨૧ના આધારે ખૂબ સ્પષ્ટ. આ વચનામૃતનાં છ વાક્યોને પૂર્વાપર ગોઠવતાં - કોઈપણ ટીકા ટીપ્પણ વગર નાના બાળકને પણ સમજાય તેમ છે. ‘એવો જે એકાંતિક ભક્ત તે .... હજૂર રહેવું છે. (વચ.ગ.પ્ર. ૨૧) આ સિદ્ધાંતની ક્રમબદ્ધ ગોઠવણી ૧. એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વ માયાના ભાવથી મુક્ત થઈને અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે, તે અક્ષરનાં બે સ્વરૂપ છે. ૨. એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમનારાયણની સેવામાં રહે છે. ૩. એ અક્ષરધામને વિષે શ્રીપુરુષોત્તમનારાયણ સદા વિરાજમાન છે. ૪. એ અક્ષરધામને વિષે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંતકોટિ મુક્તો રહ્યા છે. ૫. આપણે પણ એ અક્ષરરૂપ જે મુક્ત તેમની પંક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજૂર રહેવું છે. આ છ વાક્યોના સળંગ વિચાર પરથી સ્પષ્ટ અક્ષરધામથી મૂર્તિમાન અક્ષરબ્રહ્મ જુદા નથી - કારણ જે અક્ષરધામને ભગવાનનો ભક્ત પામે છે તે જ અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપનું અહીં વર્ણન : તે જ અક્ષરનું એક સ્વરૂપ ભગવાનની સેવામાં છે તે જ સેવામાં રહેલા અક્ષરબ્રહ્મ બીજા સ્વરૂપે અર્થાત્ અક્ષરધામરૂપે ભગવાનને ધારવા કરીને રહ્યાં છે. તે જ અક્ષરબ્રહ્મ ધામમાં મુક્તો પણ રહ્યા છે અને મુક્તોને તે જ અક્ષરબ્રહ્મનું સાર્ધમ્ય પામવાનું છે તેમ શ્રીજીમહારાજ જણાવે છે. આમ, અક્ષરમુક્ત, અક્ષરબ્રહ્મ અને પરમાત્મા તેમ સ્વાભાવિક રીતે ચડિયાતો ક્રમ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. (૪) અક્ષરબ્રહ્મના સ્વરૂપને ઢાંકવા થયેલા પ્રયાસો અને તેનાં શાસ્ત્રીય સમાધાનો : શ્રીહરિ તથા ગુણાતીત પરંપરા ગુરુઓ દ્વારા બ્રહ્મ-પરબ્રહ્મ સિદ્ધાંતોનો પરાનાદ સાંભળીને શ્રીહરિની ઈચ્છાથી જ મુમુક્ષુઓનું બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરવા માટે ગુણાતીતાનંદ સ્વામીથી માંડીને પ્રમુખસ્વામી મહારાજમાં જોડાણ - બ્રહ્મરૂપ થયા વિના પરબ્રહ્મ ભક્તિનો અધિકાર મળતો નથી. - અક્ષરધામમાં જવા માટે બ્રાહ્મીસ્થિતિ અતિ આવશ્યક - શાસ્ત્ર અને શ્રીહરિ સંમત શબ્દોને કારણે મુમુક્ષુઓમાં જાગૃતિ - પરંતુ ઈર્ષા અને અજ્ઞાનને કારણે આ જ્ઞાનને નષ્ટ કરવાના પ્રયાસો - પરંતુ સાચે દેવળે ઘંટ વાગશે એ ન્યાયે અક્ષરબ્રહ્મનો ઉદ્‌ઘોષ - અક્ષરપુરુષોત્તમના મંદિરો અને ‘અક્ષરધામ’ નામથી જ રચાતાં અજોડ સંકુલોની એક પછી એક સ્વયં શ્રીહરિ જ મોકલતા હોય તેવા ગુરુઓ દ્વારા રચના - કાર્ય-કારણનો ખ્યાલ ન કરી શકનાર દ્વારા આ જ્ઞાનને, આ સિદ્ધાંતને આધાર વિનાના - કલ્પિત વિચારધારા વાળા ક્ષુલ્લક જ્ઞાન દ્વારા ઢાંકવાના પ્રયાસો - ક્ષુલ્લક તત્વજ્ઞાન અસ્તિત્વમાં આવ્યું - વચનામૃતો, ગોપાળાનંદ સ્વામી વગેરેનાં મૂળ શાસ્ત્રો નિષ્કુળાનંદ સ્વામી વગેરેનાં કાવ્યગ્રંથો કે રઘુવીરજી મહારાજ જેવા આચાર્યો જ દ્વારા અપાયેલ જ્ઞાનને તેમાં તે તત્વજ્ઞાનમાં સ્થાન નથી. વનવિચરણ દ્વારા નીલકંઠવર્ણી દ્વારા પૂછાયેલાં

પાંચ તત્વોનાં નિરૂપણમાં મન ફાવે તેવાં નવાં નવાં તત્વોનો ઉમેરો - મહારાજના સિદ્ધાંતોના પણ મનઘડત અર્થ કર્યાં - અક્ષરબ્રહ્મ તત્વની બે ભાગમાં વહેંચણી : ૧. મૂળ અક્ષર : જેની કોટિઓ છે (અર્થાત્ અનંત છે) આ કોટિઓ ધ્યાન - ઉપાસનામાં વિઘ્નરૂપ આવરણ કરે છે - મૂળ અક્ષરના મુક્તો અને શ્રીજીમહારાજના મુક્તો જુદા - સાક્ષાત્ સંબંધ નથી - મૂળ અક્ષરથી પર અક્ષરમુક્તો. ૨. શ્રીજીમહારાજની મૂર્તિનું તેજ અક્ષરધામ : શ્રીજીમહારાજની મૂર્તિનું તેજ તે જ અક્ષરધામ - આ બધા અર્થઘટન કરીને મનફાવે તે રીતે ઉપાસના - ધ્યાન કરાવવાનો અમુક વર્ગનો આગ્રહ. **(૫)** પરમાત્માનું તેજ અને અક્ષરધામ બંને ભિન્ન : વચનામૃતોમાં શ્રીજીમહારાજે અનેક વખત પરબ્રહ્મના તેજ અને અક્ષરધામનું જુદું નિરૂપણ : શ્રીજીમહારાજના વચનથી વિરુદ્ધ માનવું તે શ્રીહરિનો દ્રોહ છે. અક્ષરધામમાં તેજોમય .... ધ્યાન કરવા યોગ્ય છે. (વચ.પંચાળા : પ્રકરણ-૨) ભગવાનની મૂર્તિનું જે ...... વિષે કૈવલ્યરૂપ ભાસે છે. (વચ.ગ.મ. ૧૩) એવા તેજોમય ...... ફેર સમજતા નથી. (વચ.પં. ૭) પુરુષોત્તમ નારાયણ ધારવાને સમર્થ છે. (વચ.લો. ૧૩) સત્સંગને વિષે જે ..... અનંત ઐશ્વર્યયુક્ત છે. (વચ. અમ. પ્ર.૬) શ્રીજીમહારાજ બોલ્યા જે જીવ, પુરુષ, ઈશ્વર ...... એવા આ પુરુષોત્તમ છે. (વચ.લો.પ્ર.૧૫) **(૬)** પરમાત્માનું ધામ અક્ષરધામ : વચનામૃતમાં ઠેર ઠેર ભગવાન સ્વામિનારાયણે અક્ષરબ્રહ્મને પોતાની સૌથી વધુ સમીપ અતિશય પ્રિય અને અક્ષરમુક્તોના આધાર અક્ષરધામ તરીકે પણ વર્ણવ્યું છે સંદર્ભો : અને એ સર્વેનું કારણ .... અને તે અક્ષર મૂર્તિમાન છે. (વચ.ગ.પ્ર. પ્રકરણ-૬૩) જે ભગવાનનું અક્ષરધામ છે ...... નરકતુલ્ય કહ્યાં છે. (વચ.સા.પ્ર. ૧) વૈરાગ્ય, બ્રહ્મચર્ય ...... દેવલોકને પામે. (સા. ૧૧) અક્ષરધામમાં રહેનારા .... દૃઢ થતો ગયો છે. (વચ.સા. ૧૭) ભગવાન પોતે પોતાના અક્ષરધામને ..... અનંતરૂપે દેખાય છે. (વચ.લો. ૪) ભગવાનનું જે અક્ષરધામ ...... વિક્ષેપ આવતો નથી. (વચ.ગ.મ. ૨૪) અને અક્ષરબ્રહ્મ તો જેમ .... રૂપને પ્રકાશ કરે છે. (વચ.ગ.મ. ૪૨) અમે તો જેવા ..... ભગવાનના ભક્તના સમ છે. (ગ.અં. ૨) જે ભગવાન છે તે ...... ગુણ થકી રહિત છે. (વચ.ગ.અં.૩૨) આ રીતે અસંખ્ય વચનામૃતોમાં શ્રીજીમહારાજે ક્યાંય મૂર્તિનું તેજ છે તે જ અક્ષરધામ છે તેમ કહ્યું નથી. વસ્તુતઃ ધામરૂપ અક્ષમાં પરબ્રહ્મ તેમના અનંત મુક્તો સહિત સદૈવ વિરાજમાન છે. **(૭) ઉપસંહાર :** અક્ષરબ્રહ્મનો એટલે કે ગુણાતીતાનંદ સ્વામી યથાર્થ મહિમા સમજવો અતિ દુષ્કર - તેથી સ્વામી કહે છે પતંગિયું હોય તે સૂર્યનો અભિપ્રાય શું જાણે ? એટલે અક્ષરબ્રહ્મનો સ્વર્ણિમ મહિમા સમજનારા આપણે સૌ અક્ષરપુરુષોત્તમના ઉપાસક અતિશય ભાગ્યશાળી. આ મહિમા યુગોથી શાસ્ત્રો ગાય છે અને યુગો સુધી ગવાતો રહેશે પરંતુ સ્વયં શ્રીજીમહારાજે એ અક્ષરબ્રહ્મને પોતાની સાથે લાવીને અનેક મુમુક્ષુઓને તેમનું સ્વરૂપ ઓળખાવીને અક્ષરધામના અધિકારી બનાવ્યા છે.

૨. **બી.એ.પી.એસ.ના ઉત્સવોની વિશેષતાઓ : (૧)** બી.એ.પી.એસ. ના ઉત્સવોની સમાજમાં નિરાળી ભાત - નિષ્કુળાનંદ સ્વામીના આ પંકિતમાં આપણા ઉત્સવોની વિશેષતાની પ્રતીતિ - જેમ લોકો મેળામાં ભેળા થાય તેવા આ મેળા નથી. પણ તેથી વિશેષ - તેથી તેને 'સમૈયા' એવું નામ બી.એ.પી.એસ.માં ઉત્સવોમાં મહોત્સવનું નામાભિધાન. **(૨)** બી.એ.પી.એસ.ના ઉત્સવનું આયોજન એટલે એકદમ સર્વાંગ સંપૂર્ણ - કોઈ વાતની કસર ન હોય - આયોજન ઘડાય ત્યારે અને આયોજન ઘડાઈ રહે ત્યારે પણ સ્વામીશ્રીની ચોક્સાઈ - કોઈપણ ક્ષતિ તેમના ધ્યાન બહાર ન જાય - સર્વાંગ સંપૂર્ણ આયોજન - કોઈપણ પ્રકારની અણધારી પરિસ્થિતિ ઊભી થાય તો તેને પહોંચી વળવાની ક્ષમતા. (પ્રસંગો લખવા) **(૩)** બી.એ.પી.એસ.ના ઉત્સવો ઉજવવાના હોય ત્યારે સ્વયંસેવક દળની યાદી તૈયાર થાય, બાળમંડળોથી માંડીને વડીલમંડળો ઉત્સાહભેર સેવામાં સમર્પિત - નોકરીમાંથી રજાઓ લઈને ક્યારેક રાજીનામું મૂકીને વેપાર-ધંધા બંધ કરીને સેવામાં (પ્રસંગો) આ જ વિશેષતા કોઈ વિચાર જ નહિ કે ધંધો સાવ બંધ થશે તો ? ફક્ત સ્વામીશ્રીને રાજી કરવાનો જ વિચાર. **(૪)** સમર્પણ : બી.એ.પી.એસ.ના ઉત્સવોમાં સમર્પણની ખાસ વિશેષતા - ઉત્સાહમાં ભાગવતી દીક્ષા લેનારા યુવકો - પરદેશના સીટીજન - માતાપિતાના એકના એક સંતાનો છતાં સમર્પણ - વીસ-વીસ વર્ષના યુવાનો ભૌતિક સુખોનો ત્યાગ કરીને સ્વામીશ્રીની સેનામાં સાધુ થવા આવે તેથી મોટી બીજી વિશેષતા કઈ હોઈ શકે ? વિશિષ્ટ ત્યાગવાળા યુવકોનો પ્રસંગો લખી શકાય. આ ઉપરાંત હરિભક્તોનું સમર્પણ અનેરું (પ્રસંગો) **(૫)** બી.એ.પી.એસ.ના ઉત્સવોમાં કથાવાર્તા, ભક્તિ-સંગીત, કીર્તન-ભક્તિ વગેરે સુંદર કાર્યક્રમો યોજાય તેનો બધા લાભ લે. કથાવાર્તાથી સ્વભાવ, પ્રકૃતિ, દોષો ટળે, અંતરમાં

શાંતિ થાય, કીર્તન-ભક્તિથી ભગવાન અને સંત પ્રત્યે સ્નેહ જાગે, શાંતિ થાય, આનંદ થાય. (પ્રસંગો) (૬) બી.એ.પી.એસ.ના ઉત્સવો એટલે વ્યસનમુક્તિ - ઘણાં યુવાનો અને અન્ય વડીલો વ્યસનનો ત્યાગ કરે - વ્યસનમુક્તિનાં પ્રદર્શનમાં ચિત્રો જોઈને કાં તો રોગ થવાના ભયથી અથવા સંતના આગ્રહથી વ્યસનો મૂકી દે અથવા વ્યસનો છોડી દેવાના નિયમ લે. (પ્રસંગો લખવા) (૭) બી.એ.પી.એસ.ના ઉત્સવો એટલે સંત-સમાગમ દર્શન વગેરેથી પરિતૃપ્ત - પ્રત્યક્ષ સંતના ગુરુહરિના દર્શનથી, ઉપદેશ વચનથી, કથાવાર્તાથી હરિભક્તો અતિ પ્રસન્ન થાય - સંત-સમાગમથી સુખ-શાંતિ, ગુરુની પ્રસન્નતા થાય. (પ્રસંગો) (૮) આમ, બી.એ.પી.એસ.ના ઉત્સવો એટલે આ વિશેષતા.

૩. **આધ્યાત્મિક પ્રશ્નોનું ઔષધ - કથાવાર્તા :** (૧) વિશ્વમાં દરેક ક્ષેત્રે પ્રશ્નોનું ઉપસ્થિત થવું - મનુષ્યમાત્રનો સ્વભાવ જ એવો કે દરેક બાબતમાં પ્રશ્ન ઉપસ્થિત થાય જ - વ્યવહાર ક્ષેત્ર હોય કે સાંસારિક ક્ષેત્ર, વ્યાપાર-ઉદ્યોગ, રાજકીય-સામાજીક ક્ષેત્રે અનેક પ્રશ્નો - આ બધા પ્રશ્નોનો નિકાલ જુદી જુદી રીતે આવે ખરો પણ કાયમી ઉકેલ ન પણ મળે. (૨) આધ્યાત્મિક ક્ષેત્રે પણ અનેક પ્રશ્નોનો ઉદ્ભવ - સવાલ થાય કે આધ્યાત્મિક ક્ષેત્રે વળી પ્રશ્નો નડે ? હા ! મુમુક્ષુ જ્યારે ભગવાન ભજવા માટે કટિબદ્ધ થાય ત્યારે તેના માર્ગમાં પ્રશ્નો આવે જ. (૩) શ્રીજીમહારાજથી માંડીને સંતો ગુરુપરંપરા તેમજ પ્રગટ ગુરહરિનો અભિપ્રાય કે પ્રશ્નો તો આવશે જ - પણ તેનું સમાધાન પણ મળશે જ. - આધ્યાત્મિક ક્ષેત્રે ભગવાન ભજતાં દેહ આડો આવે - દેહમાં આળસ હોય, દોષો હોય, પ્રકૃતિ, સ્વભાવ, વગેરે - મન પણ આધ્યાત્મ વિકાસને પાછળ પાડી દે - સિદ્ધિઓ આડી આવે. (પ્રસંગો લખવા) (૪) આધ્યાત્મિક ક્ષેત્રે ગતિ કરતાં દેહના સંબંધી નડે - અહં, મમત્વ નડે, પંચવિષય પણ આડા આવે અને આધ્યાત્મિક ક્ષેત્રે આગળ ન આવવા દે. ઋષિમુનિઓ વગેરેને પંચવિષય, અનેક મુમુક્ષુઓએ સ્વભાવો, દોષો મૂક્યા, અનેકનાં વ્યસનો, દૂષણો ગયાં છે તે બધા પ્રસંગો સંપ્રદાયમાં તેથી આધ્યાત્મિક ક્ષેત્રે ઉદ્ભવતા પ્રશ્નોનું સમાધાન - કથાવાર્તા નડ્યા અને વિકાસ સાધવામાં અવરોધક બન્યા. (ઋષિ, મુનિઓ વગેરેના પ્રસંગો લખી શકાય. આધ્યાત્મિક ક્ષેત્રે તેમજ ભગવાનમાં-સંતમાં જોડાનાર મુમુક્ષુને, સાધકને શંકાશીલ મન પણ નડે - મન શંકા કરે કે ભગવાનમાં વચન, શાસ્ત્રનાં વચન, ગુરુના વચન, સત્ય હશે કે નહિ ? આવી શંકા મનમાં થાય તેને કારણે પણ ભગવાન ભજવામાં અવરોધક બને. (પ્રસંગો લખવા) (૫) આધ્યાત્મિક ક્ષેત્રે જે પ્રશ્નો ઉદ્ભવે તેનો ઉપાય ખરો ? હા તેનો ઉપાય કથા-વાર્તા - આધ્યાત્મિક પ્રશ્નોનું કથા-વાર્તા એ ઔષધ. શ્રીજીમહારાજે વચનામૃતમાં અનેક જગ્યાએ કથા-વાર્તાનો મહિમા કહ્યો છે. (કા. ૧૨) ભગવાનના વચનમાં વિશ્વાસ શ્રદ્ધા, પ્રીતિથી કથા સાંભળવી - કથાવાર્તાથી મન નિર્વાસનિક અન્ય સાધનો જપ-તપ, વ્રત, દાન, યજ્ઞ કરતાં પણ કથાવાર્તા - વિશેષ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા કથા-વાર્તાનો અખાડો, મહારાજે પણ અનેક વખતે પારાયણો, કથા-વાર્તા ચાલુ જ રખાવી હતી. ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ પણ ભગવાન અને સંતના માર્ગે જ ચાલીને કથા-વાર્તામાં સોપો પડવા દીધો નથી. સ્વામીશ્રી પણ કથા-વાર્તા વગર રહી શકતા નથી. કથા એ આત્માનો ખોરાક. આ ઉપરાંત કથા-વાર્તાનો મહિમા તેને વિષે સદ્ગુરુઓના વચનો લઈ શકાય. કથા-વાર્તાથી, ઉપદેશથી જેના જીવન સુધરી ગયા, પરિવર્તનને પામ્યા તે બધા પ્રસંગો લખી શકાય. દક્ષના દસ હજાર પુત્રો સાધુ થયા.

❑ ❑ ❑